| | |
|---|---|
| દાખલ તારીખ | તા. ૦૨/૧૨/૨૦૨૪ |
| રજીસ્ટર તારીખ | તા. ૦૨/૧૨/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | તા. ૧૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૩ ૧૪ | |

## -: નમુનો-અ:-

**દહેગામના મહે. એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (હર્ષા એમ દોશી) સાહેબશ્રીની કોર્ટમાં મુ.દહેગામ**

**ફોજદારી કેસ નં. ૧૨૮૨/૨૦૨૪**
**આંકઃ-**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ઈ.પી.કો.ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩)** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ગુ.ર.નં. ૧૧૨૧૬૦૧૨૨૪૦૧૫૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | રખીયાલ પો.સ્ટે. |
| ફરિયાદીપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી આર.બી.રાવલ |
| આરોપીપક્ષ | **૧. શૈલેષસિંહ મંગળસિંહ ઝાલા**<br>**ઉ.વ.૧૯, ધંધોઃ-**<br>રહેઃ- અણીયોડ, મોતીપુરા વાસ, તા. તલોદ, જી. સાબરકાંઠા |
| રજુઆત | વિ.વકીલશ્રી એમ.કે.ખત્રી |

## -:નમૂનો-બ:-

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૫/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૬/૦૫/૨૦૨૪ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૭/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૪/૦૩/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## <u>::આરોપીની વિગત::</u>

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **શૈલેષસિંહ મંગળસિંહ ઝાલા ઉ.વ.૧૯, ધંધોઃ-** રહેઃ- અણીયોડ, મોતીપુરા વાસ, તા. તલોદ, જી. સાબરકાંઠા | ૦૧.૦૭.૨૦૨૪ | ૦૧.૦૭.૨૦૨૪ | **ઇ.પી.કો.ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩)** | નિર્દોષ છોડયા | | |

**:: નમુનો::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ.ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો

| અનુક્રમ | આંક | સાહેદના નામ | પુરાવનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.નં.૧ | ૦૫ | અભેસિંહ રંગુસિંહ ઠાકોરની જુબાની | ફરિયાદી |
| ફ.સા.નં.૨ | ૦૭ | બળવંતસિંહ પ્રહલાદસિંહ ઠાકોરની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૩ | ૦૮ | બળદેવસિંહ રુપસિંહ ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.નં.૪ | ૧૦ | અગરસિંહ અભેસિંહ ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.નં.૫ | ૧૧ | વિષ્ણુભાઇ સરદારભાઇ વણઝારાની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૬ | ૧૨ | ડો. સૌરભકુમાર દેવેન્દ્રભાઇ પટેલની જુબાની | ડોક્ટર |
| ફ.સા.નં.૭ | ૧૫ | તેજપાલસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૮ | ૧૮ | મહેશકુમાર શીવાભાઇની જુબાની | પોલીસ સાહેદ |

### <u>બ. ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો</u>

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૬ | ફરિયાદ |
| ૨. | ૯ | પંચનામુ |
| ૩. | ૧૪ | મેડીકલ પેપર્સ |

**<u>-:ચુકાદો:-</u>**

**<u>ફરિયાદી પક્ષના કેસની ટુંકી વિગત નીચે મુજબ છે.</u>**

(૧) આ કામના આરોપીઓએ તા. ૨૫/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૮/૦૦ વાગે મોજે રખીયાલ બજારમાં આવેલ નવચેતન વિધ્યાલય આગળ રોડની બાજુમાં બાઇક લઇ ઉભેલ સાહેદ નંબર - ૦૪ નાઓના બાઇક પરથી દર્દી નિશાબેન અભેસિંહ ઠાકોર ઉ.વ. ૧૫

નાઓ ઉતરતા તે વખતે આરોપીએ મોડાસાથી દહેગામ જતા રોડ ઉપર પોતાના કબ્જાની મો.સા.નંબર જીજે–૧૮–સીએસ–૨૫૭૩ નાની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લઇ આવી દર્દી નિશાબેનને ટક્કર મારી અકસ્માત કરી ડાબા પગે ફ્રેક્ચર કરી ડાબા પગના પંજાના ભાગે ઈજા પહોંચાડી લાઇસન્સ નહી રાખી ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩) મુજબનો ગુનો કરેલ હોય, જે મુજબની ફરિયાદ ફરિયાદી અભેસિંહ રંગુસિંહ ઠાકોરનાએ આપતા, પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૬૦૧૨૨૪૦૧૫૨/૨૦૨૪ થી ગુનો નોંધાયેલો, જે અંગે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી, આરોપી વિરુધ્ધ પુરતો પુરાતો પરાવો હોય, આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩) મુજબનાં ગુન્હા અંગેનું ચાર્જશીટ નામદાર એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) વધુમાં આ કામે અદાલત તરફી આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છેં. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ આરોપીનું નિવેદન આંક – ૭ થી લેતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરેલી. જેથી, ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩.૧) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**અ.ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો**

| અનુક્રમ | આંક | સાહેદના નામ | પુરાવનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.નં.૧ | ૦૫ | અભેસિંહ રંગુસિંહ ઠાકોરની જુબાની | ફરિયાદી |
| ફ.સા.નં.૨ | ૦૭ | બળવંતસિંહ પ્રહલાદસિંહ ઠાકોરની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૩ | ૦૮ | બળદેવસિંહ રુપસિંહ ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.નં.૪ | ૧૦ | અગરસિંહ અભેસિંહ ઠાકોરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.નં.૫ | ૧૧ | વિષ્ણુભાઇ સરદારભાઇ વણઝારાની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૬ | ૧૨ | ડો. સૌરભકુમાર દેવેન્દ્રભાઇ પટેલની જુબાની | ડોક્ટર |
| ફ.સા.નં.૭ | ૧૫ | તેજપાલસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ફ.સા.નં.૮ | ૧૮ | મહેશકુમાર શીવાભાઇની જુબાની | પોલીસ સાહેદ |

**ब. ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૬ | ફરિયાદ |
| ૨. | ૯ | પંચનામુ |
| ૩. | ૧૪ | મેડીકલ પેપર્સ |

(૩.૨) આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથીં, અને ફરિયાદી તરફે અન્ય કોઇને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા નથી.

(૪.૦) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતા, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ પુરાવો

પોતાની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવી, અન્ય બાબતોનો ઈન્કાર કરી, ખોટો કેસ કરેલ હોવાનું જણાવી, પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.બી.રાવલ દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.કે.ખત્રીની દલીલો સાંભળવામાં આવેલ છે, જેમાં આરોપી વિરુધ્ધ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી આરોપીને છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫.૦) ફરિયાદ પક્ષની કેસની હકીકત રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતા આ કામનો આખરી ન્યાયીક નિર્ણય સારુ મારા મંતવ્ય અનુસાર નીચે પ્રમાણેના મુદ્દાઓ આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય છે.

**−:મુદ્દાઓ:−**

| |
|---|
| ૧. શું ફરિયાદી નિઃશંકપણે સાબિત કરે છે કે, ૨૫/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૮/૦૦ વાગે મોજે રખીયાલ બજારમાં આવેલ નવચેતન વિધ્યાલય આગળ રોડની બાજુમાં બાઇક લઇ ઉભેલ સાહેદ નંબર − ૦૪ નાઓના બાઇક પરથી દર્દી નિશાબેન અભેસિંહ ઠાકોર ઉ.વ. ૧૫ નાઓ ઉતરતા તે વખતે આરોપીએ મોડાસાથી દહેગામ જતા રોડ ઉપર પોતાના કબ્જાની મો.સા.નંબર જીજે−૧૮−સીએસ−૨૫૭૩ નાની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લઇ આવી દર્દી નિશાબેનને ટક્કર મારી અકસ્માત કરી ડાબા પગે ફેક્ચર કરી ડાબા પગના પંજાના ભાગે ઇજા પહોંચાડી લાઇસન્સ નહી રાખી ગુન્હો કરી શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે મુજબની ફરિયાદીની ફરિયાદને આધારે પોલીસે ઇ.પી.કો.કલમ−૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ− |

| | |
|---|---|
| ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩) મુજબનો ગુન્હો કરેલ છે ? |
| ૨. શું હુકમ? |

(૬.૦) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –:કારણો:–

મુદ્દા નં.(૧):–

(૭.૧) આ કામે આરોપી સામે ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩) મુજબના ગુન્હાનું તહોમત છે. આથી, કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતા, આરોપીએ તેનાં કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, આરોપીના કૃત્યથી ફરિયાદીને ઇજા થયેલ હોવાની હકીકતો ફરિયાદપક્ષના પુરાવાથી પુરવાર થવી જરુરી છે. તેમજ હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે. જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે.

(૭.૨) આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, સાહેદ નં. ૧ ફરિયાદી અભેસિંહ રંગુસિંહ ઠાકોરનાએ તેનાં આંક – ૫ ના મૌખિક પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ બનાવ આજથી સાતેક માસ અગાઉ બનેલ અને

બનાવ સમયે હું મારી નોકરી ઉપર હતો ત્યારે મારી દિકરી નિશાના માહી ટ્યુશન કલાસીસ રખીયાલ ખાતે ગયેલ હોઇ ત્યાંથી ફોન આવેલ કે તમારી દિકરી નિશાને અકસ્માત થયેલ છે જેથી મેં મારા કાકાના દિકરા બળવંતસિંહને ત્યાં મોકલેલ અને નિશાને સરકારી દવાખાને રખીયાલ સારવાર માટે મોકલેલ અને ત્યાંથી વધુ સારવાર સેતુ હોસ્પિટલમાં લઇ ગયેલા તેમ જણાવી, બનાવ અંગે તેઓએ ફરિયાદ આપેલી તેમ જણાવી, આંક – ૬ ની ફરિયાદમાં તેની સહી ઓળખી બતાવે છે. વધુમાં ફરિયાદીએ તેના મૌખિક પુરાવામાં વાહન કોણ ચલાવતુ હતુ અને તેનો નંબર શું હતો, તે ખબર નથી, તેમ જણાવેલ છે. સદરહું ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવની ફરિયાદ બીજા દિવસે આપેલ અને બનાવ મેં નજરે જોયેલ ન હોય બનાવની મને કોઇ જાતમાહિતી નથી.

(૭.૩) આમ, ફરિયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી, બનાવ સ્થળે તેઓ હાજર હતા નહી. જેથી ફરિયાદીની જુબાનીથી આરોપીએ જ પોતાની ગાડીથી હાલનો અકસ્માત કરેલ હોય અને ફરિયાદીની દિકરી નિશાને ઇજા પહોંચાડી હોય તેવી હકીકતને સમર્થન મળતુ નથી.

(૮) ફરિયાદપક્ષ, તરફે આંક – ૭ થી સાહેદ બળવંતસિંહ પ્રહલાદસિંહ ઠાકોરને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, બનાવ આશરે ચારેક મહીના અગાઉ બનેલો બનાવ સમયે હુ નીશાને બાઈક લઈને ટયુશન કલાસીસમાં મુકવા જતો હતો તે વખતે હું મારુ બાઈક લઈને ત્યાં ઉભો હતા ત્યારે સામેથી એક બાઈક આવેલ અને મારા બાઈકને ટકકર મારી અકસ્માત કરેલ જયારે નીશાને ડાબા પગે ઈજાઓ થયેલી.સારવાર માટે રખીયાલ સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાથી વધુ સારવાર

માટે દહેગામ માં પ્રાઈવેટ દવાખાનામા સેતુ ઓર્થોપડીક દવાખાનામાં સારવાર લીધેલી. ત્યાં ડોકટર સાહેબે ફેકચર થયેલાનુ જણાવેલુ.અકસ્માત કરનાર બાઈકનો નંબર મને હાલમાં યાદ નથી. બનાવ અનુસંધાને પોલીસે મારુ નીવેદન લીધેલુ.

(૮.૧) આમ, સદર સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્ર દ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી અને ત્યારબાદ સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓને બનાવ બાબતે મે કોઈ ફરીયાદ આપેલ નથી. બનાવ વાળી જગ્યા સતત વાહનોની અવર જવર વાળી જગ્યા છે. બનાવ બન્યો તે વખતે ટોળુ ભેગુ થઈ ગયેલુ. બનાવ વખતે મને બાઈકના નંબર ની ખબર નથી. રોંગ સાઈડમાં જતા હતા અને અજાણ્યા વાહનથી અકસ્માત થયેલો.

(૮.૨) આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓને જે વાહનો વચ્ચે અકસ્માત થયેલ છે તે ગાડી અને બાઈકના નંબર પણ તેઓને યાદી નથી. જેથી તેઓની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૯) ફરિયાદપક્ષ, તરફે આંક – ૮ થી સાહેદ બળદેવસિંહ રુપસિંહ ઠાકોરને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, પોલીસે દશેક મહિના અગાઉ રખીયાલમાં પંચ તરીકે કરી કરાવેલી જે પંચનામુ અકસ્માત બાબતનું હતું. આ સિવાય પંચનામાની હકીકત વિશે હું કંઇ જાણતો નથી. મને આજરોજ

પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર ૨ તરીકે મારી સહી છે હું ઓળખી બતાવું છુ.

(૯.૧) આમ, સદર સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્ર દ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી અને ત્યારબાદ સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, મેં તૈયાર કાગળમાં સહી કરેલી તે સિવાય કંઇ જાણતો નથી.

(૯.૨) આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ અકસ્માત નજરે જોયેલ નથી. જેથી તેઓની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૧૦) ફરિયાદપક્ષ તરફે આંક – ૧૦ થી સાહેદ અગરસિંહ અભેસિંહ ઠાકોરને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, પોલીસે મારી પંચ તરીકે દહેગામ બજારમાં કરાવેલી જે પંચનામુ અકસ્માત બાબતનું હતું. જેનુ એક છોકરીની સ્કુટીને એક બાઇકવાળાએ અકસ્માત કરેલ તે બાબતનું હતું. આ સિવાય પંચનામાની હકીકત વિશે હું કંઇ જાણતો નથી. મને આજરોજ પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જેમાં પંચ નંબર ૧ તરીકે મારી સહી છે હું ઓળખી બતાવું છુ.

(૧૦.૧) આમ, સદર સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્ર દ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી અને ત્યારબાદ સદરહું સાહેદની

આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, મેં તૈયાર કાગળમાં સહી કરેલી તે સિવાય કંઇ જાણતો નથી.

(૧૦.૨) આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ અકસ્માત નજરે જોયેલ નથી. જેથી તેઓની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફે આંક – ૧૧ થી સાહેદ વિષ્ણુભાઇ સરદારભાઇ વણઝારાને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, બનાવ આજથી એકાદ વર્ષ અગાઉ બનેલ. બનાવ સમયે હું રખીયાલ બજારમાં મારા ટ્યુશન કલાસીસ ચલાવતો હોઇ ત્યાં હાજર હતો તે વખતે મારા મારા ટ્યુશન કલાસીસની નીચે અવાજ થતા મેં નીચે જઇને જોયેલ તો ટોળું ભેગું થઇ ગયેલ હતું અને મારા કલાસીસમાં અભ્યાસ કરતી નિશાને અકસ્માત થયેલ હોઇ જેને હું ઈજાઓ થયેલ હોઇ સરકારી દવાખાને સારવાર માટે લઇ ગયેલ. અકસ્માત કેવી રીતે બનેલ તથા કયા વાહનથી બનેલ તેની મને ખબર નથી. બાઇક ચાલકે ટક્કર મારેલાનું મેં જાણેલ. અકસ્માત કરનાર બાઇકના નંબર મને ખબર નથી. નિશાને ડાબા પગે પંજાના ભાગે ઈજાઓ થયેલ. બનાવ અનુસંધાને પોલીસને મારો જવાબ આપેલ.

(૧૧.૧) આમ, સદર સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી અને ત્યારબાદ સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, અકસ્માતનો બનાવ મેં નજરે જોયેલ ન હોય કોની બેદરકારીના કારણે શું બનેલ તે હું ન કહી શકુ.

(૧૧.૨) આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ અકસ્માત નજરે જોયેલ નથી. જેથી તેઓની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૧૨) ફરિયાદપક્ષ તરફે આંક – ૧૩ થી સાહેદ ડો. સૌરભકુમાર દેવેન્દ્રકુમાર પટેલને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, ગઈ તા. ૨૫/૦૫/૨૦૨૪ ના રોજ હું અમારી સેતુ હોસ્પિટલ, દહેગામ ખાતે ફરજ બજાવતો હતો ત્યારે નીશાબેન અભેસિંહ ઠાકોર ઉં.વ. ૧૫ રહે. સગદલપુરનાઓ કલાક ૦૯:૨૫ સવારે આવેલ. તેઓને હીસ્ટ્રી પુછતાં જણાવેલ કે સવારે ૦૭:૩૦ વાગ્યાના સુમારે સ્કુલમાં જતા હતા તે વખતે રખીયાલ રોડ ઉપર અકસ્માત થયેલ અને ડાબા પગે વાગેલ હતું. જેની સારવાર કરતાં નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

૧) ડાબા પગના ટીબીયા અને ફીબ્યુલા હાડકાનો ભાગ તુટેલ હતો.

૨) ડાબા પગની છેલ્લી આંગળીના ભાગે ખુલ્લો ઘા હતો.

તેમને પ્રાથમીક સારવાર આપેલ અને ઓપરેશનની જરૂર ન હોઈ તેમને પગના ભાગે પ્લાસ્ટર બાંધેલ, ખુલ્લા ઘામાં ટાંકા લીધેલ અને એન્ટીબાયોટીક તથા પેઈન કીલર દવા આપેલ. સદર ઈજા ગંભીર પ્રકારની ઈજા હતી. દર્દીને સારવાર કર્યા અંગેનું સર્ટીફીકેટ મેં મારા હસ્તાક્ષરમાં આપેલ જેમાં મારી સહી છે જે હું ઓળખુ છુ.

(૧૨.૧) આમ, સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, દર્દીએ તેની હિસ્ટ્રીમાં અકસ્માત કરનાર વાહન કયું હતું તથા

તેનો નંબર કયો હતો તે જણાવેલ નહી તથા વાહન ચાલકનું નામ પણ જણાવેલ નહીં. વધુમાં સાહેદે જણાવેલ છે કે, અકસ્માત ચોક્કસ કઇ જગ્યાએ બનેલ તે જણાવેલ નહી. મારા સર્ટીફિકેટમાં આ ઇજા ગંભીર પ્રકારની છે તેવુ જણાવેલ નહીં.

(૧૨.૨) આમ, સદરહું ડોક્ટર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ દર્દીની માત્ર સારવાર કરેલી છે તથા સર્ટીફિકેટમાં આ ઇજા ગંભીર પ્રકારની છે તેવુ જણાવેલ નથી અને તેનાથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેવી કોઇ હકીકત જણાવતા નથી.

(૧૩) ફરિયાદપક્ષ તરફે આંક – ૧૫ થી સાહેદ તેજપાલસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, બનાવ આજથી એકાદ વર્ષ અગાઉ બનેલ. બનાવ સમયે હું મારા ઘરે હાજર હતો તે સમયે મારા પિતાના ફોન ઉપર એક અજાણ્યા ઇસમનો ફોન આવેલ અને અમોને રખીયાલ પો.સ્ટે.બોલાવેલ. બનાવ શું બનેલ તેની મને ખબર નથી. બનાવ અનુસંધાને પોલીસે મારુ કોઇ નિવેદન લીધેલ નથી.

(૧૩.૧) આમ, સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે હું ઘરે હાજર હોઇ બનાવની મને કોઇ જાતમાહિતી નથી.

(૧૩.૨) આમ, સદરહું સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગેની કોઇ જાતમાહિતી પણ નથી. જેથી તેઓની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૧૪) ફરિયાદપક્ષ તરફે આંક – ૧૮ થી ત.ક.અ. સાહેદ મહેશકુમાર શીવાભાઇને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમના કોર્ટ રુબરુના પુરાવામાં એવી વિગત જણાવેલ છે કે, ગઈ તા. ૨૬/૦૫/૨૦૨૪ ના રોજ અમો તથા રખીચાલ પો. હાજર હતા ત્યારે પીએસઓ ખોડાભાઈ કરણાભાઈ રૂબરૂ ફરીયાદી અભેસિંહ રંગુસિંહનાઓએ તેઓની અકસ્માત અંગેની ફરીયાદ લખાવતાં જણાવેલ કે તેમનો ભત્રીજો અને તેમની દિકરી મો.સા. ઉપર રખીચાલ બજારમાં જતા હતા તે સમયે સામેથી એક મો.સા. નં. જીજે૧૮સીએસર૫૭૩ પુરઝડપે અને ગફલતભરી રીતે આવતાં તેઓને ઈજા કરેલ. જે ફરીયાદ રજી. થઈ આવતાં અમોને તપાસ અર્થે મળેલ અને અમોએ સદર કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. મને આંક ૯ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે મારી રૂબરૂ નું છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. ત્યારબાદ વાહન માલીકની તપાસ કરેલ અને વાહન માલીક મળી આવતાં નોટીસ આપેલ અને આરોપીને નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર નોટીસ આપેલ અને ઈજા પામનારનું સારવાર સર્ટી. મેળવેલ તથા આરોપી વિરુધ્ધમાં પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરી મોકલી આપેલ.

(૧૪.૧) આમ, સદરહું સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, સદર કામે ફરીયાદ બનાવના બીજા દિવસે આપેલ છે. ફરીયાદમાં બનાવ માહી ટયુશન કલાસીસ આગળ રોડ ઉપર બનેલ હોવાનું જણાવેલ છે.

પંચનામામાં બનાવ નવચેતન સ્કુલ આગળ બનેલ હોવાનું જણાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નવચેતન સ્કુલ તથા માહી ટયુશન કલાસીસ જોડે જોડે આવેલ છે. નવચેતન સ્કુલ તથા માહી ટયુશન કલાસીસ એક સાથે આવેલ હોય તેવું પંચનામામાં જણાવેલ નથી. ફરીયાદમાં કે કોઈ સાહેદના નિવેદનમાં પણ આ બે જગ્યા એક સાથે આવેલ હોવાનું જણાવેલ નથી. આ બંને જગ્યાઓ એક સાથે આવેલ હોવાનું કોઈ પુરાવો અમોએ કબજે લીધેલ નથી. ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં આરોપીનું નામ સરનામું જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે માત્ર બાઈકનો નંબર જણાવેલ છે. આરોપીની સદર કામે ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીના વાહન દ્વારા આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે પંચનામું તથા સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલ છે.

(૧૪.૨) આમ, ઉપરોક્ત સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો, આમ, ઉપરોક્ત ત.ક.અ.ની જુબાની ધ્યાને લેવામાં આવે તો, તેઓએ તેમની ફરજના ભાગરુપે કામગીરી કરેલ છે અને ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ બનાવવાળી જગ્યાએ જે વ્યક્તિઓ હાજર હતા તેમા તેઓએ ફરિયાદી સિવાય અન્ય કોઇ સાહેદો તપાસેલા નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં તેઓએ પંચોની સહીઓ લીધેલી. તેઓએ માલિકનું કોઇ નિવેદન લીધેલ નથી.

(૧૫) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા ફરિયાદી તરફે ફરિયાદી, સાહેદો, પંચ સાહેદો, ડોક્ટર અને તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલા છે. આ કામના

ફરિયાદીની સરતપાસ જોવામાં આવે તો, તેઓએ અકસ્માત નજરે જોયલ નથી જેથી ફરિયાદને સમર્થન મળતુ નથી તથા આ કામે જે પંચનામાં કરવામાં આવેલા છે તે પંચનામાંના પંચો પંચનામાને સમર્થન કરતા નથી તથા આ કામના સાહેદોએ પણ બનાવ નજરે જોયેલ નથી, આ કામે આરોપી જ અકસ્માતવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હતા તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં આ કામે ત.ક.અ.નાઓને આંક – ૧૮ થી તપાસવામાં આવેલા છે તેઓ પણ પોતાની જુબાનીમાં પોતાની ફરજના ભાગરુપે કરેલ કામગીરી જણાવેલ છે. ત.ક.અનાઓએ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ અને પંચનામા કરી સાહેદોના નિવેદનો લીધેલ છે, પરંતુ આ કામે વાહનના માલિકનું કોઇ નિવેદન લીધેલ નથી. જેથી તે હકીકતને સમર્થન મળતુ નથી.

(૧૬) આમ, ઉપરોક્ત કરેલી વિગતેની ચર્ચા તેમજ ઉપરોક્ત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હા નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલા ના હોય અને જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમાં શંકા કુશંકાઓ ઉત્પન્ન થતી હોય તેના પરિણામ સ્વરુપ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ર અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# આખરી હુકમ

| | |
|---|---|
| ૧. | આ કામના આરોપી **શૈલેષસિંહ મંગળસિંહ ઝાલા** મુળ રહેઃ– અણીયોડ, મોતીપુરા વાસ, તા. તલોદ, જી. સાબરકાંઠાનાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૧(૩) અન્વયેના ગુનાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ |

| | |
|---|---|
| | છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨. | ક્રિ.પ્રો.કોડમાં તાજેતરમાં દાખલ કરાયેલ કલમ–૪૩૭(એ)(૧) મુજબ, સંભવિત અપીલના હેતુ માટે ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે આરોપીઓએ રુ. ૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરાના) જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજુ કરવા હુકમ કરવામાં આવે છે. |

**આ હુકમ આજરોજ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખઃ– ૧૬/૦૩/૨૦૨૬
સ્થળઃ–દહેગામ

**( હર્ષ્યા એમ દોશી )**

એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

દહેગામ

(જજ કોડ નં. જીજે.૦૧૬૬૧)